# પેટ્રોલના ભાવ ભડકે બળે છેઃ ...પણ સરકાર દખલ નહીં આપે

*નવી દિલ્હી:* પેટ્રોલ અને ડીઝલના ભાવમાં જુલાઈથી લિટરદીઠ રૂ. ૭.૩નો વધારો થઈ ગયો એ છતાં એ ભાવોની રોજિંદી વધઘટને રોકવા દરમિયાનગીરી કરવાનું કેન્દ્રના ઓઈલ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને બુધવારે સાફ નકારી કાઢ્યું હતું અને જણાવ્યું હતું કે સુધારા કાર્ય ચાલુ જ રહેશે.

તેમણે અલબત્ત, ભાવોમાં થઈ રહેલા એકધારા વધારાને હળવો કરવા કરવેરા ઘટાડવા અંગે કોઈ જ બાંયધરી આપી નહોતી, કારણ કે સરકારને ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રકલ્પો પાર પાડવા તથા સામાજિક યોજનાઓ હાથ ધરવા માટે જંગી નાણાકીય રોકાણની આવશ્યકતા છે. એટલે ગ્રાહકોની જરૂરિયાત સાથે આ બાબતોની સમતુલા પણ સરકારે જાળવવાની હોય છે, એમ તેમણે જણાવ્યું હતું.

પેટ્રોલના દરમાં વધારા સાથે થતી ટીકાઓને ગેરવાજબી ગણાવતા તેમણે જણાવ્યું હતું કે જૂનની ૧૬મીથી રોજિંદા દરોનું રિવિઝન શરૂ કરવામાં આવ્યું એ બાદ એક પખવાડિયાથી વધુ સમયગાળા સુધી ભાવમાં ઘટાડો થયો હતો. એટલે માત્ર હાલ જે ભાવ વધારો રહ્યો છે એ તો કામચલાઉ છે.

ભારતને તેની ૮૦ ટકા જરૂરિયાતને પહોંચી વળવા માટે પેટ્રોલ-ડીઝલની આયાત ઉપર નિર્ભર રહેવું પડે છે. એટલા માટે એપ્રિલ ૨૦૦૨થી આંતરરાષ્ટ્રીય ઉત્પાદનોના ભાવની વધઘટ સાથે ઘરઆંગણાના ઈંધણના ભાવો એની સાથે જ જોડાયેલા રહ્યા છે.

તેમણે પત્રકારોને જણાવ્યું હતું કે ઓઈલ કંપનીઓની રોજે રોજની કાર્યવાહીમાં સરકાર દખલ કરી શકે નહીં. સરકાર માત્ર ઓઈલ કંપનીઓની કાર્યવાહીની ક્ષમતામાં સુધારો કરવા જ દરમિયાનગીરી કરી શકે. (પીટીઆઈ)■

## અબજોપતિના મહેલનો વિનાશ



વાવાઝોડા ઈર્માની ઝપટમાં આવેલા અબજોપતિ રિચર્ડ બ્રેન્સનના નેકર ટાપુ પરના મહેલ જેવા ઘરના બેહાલ થઇ ગયા હતા એના પુરાવારૂપ હેલિકૉપ્ટરમાંથી લેવાયેલી તસવીર. (એપી-પીટીઆઇ ફોટો)

# ‘આધાર’ બંધારણીય કસોટી પાર કરશેઃ જેટલી

### ▶ જન ધન યોજના હેઠળ ૩૦ કરોડ પરિવારે બૅન્ક ખાતા ખોલાવ્યાં

*નવી દિલ્હી:* નાણાં પ્રધાન અરુણ જેટલીએ બુધવારે વિશ્વાસ સાથે જણાવ્યું હતું કે આધાર કાયદો બંધારણીય કસોટીમાં સાંગોપાંગ પાર ઉતરશે. તેમણે આ સાથે જણાવ્યું હતું કે આ ધારામાં ડૅટાની સુરક્ષા સંપૂર્ણ રીતે જળવાઈ રહેશે.

સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા આયોજિત એક સમારોહમાં જેટલીએ આવી ટિપ્પણી કરી હતી. બાયોમેટ્રિક ઓળખપત્ર આધારને ફરજિયાત બનાવવાના સરકારના કદમને સુપ્રીમ કોર્ટમાં પડકારતી અરજીઓની સુનાવણી ચાલી રહી છે. એવા માહોલમાં જેટલીએ આવો વિશ્વાસ દર્શાવ્યો છે.

નાણાં પ્રધાને જણાવ્યું હતું કે આધાર કાર્યક્રમ અગાઉના યુપીએ શાસન વખતે શરૂ કરાયેલો હતો અને ત્યારે એને ધારાકીય પીઠબળ નહોતું.

જયારે ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ની આગેવાની હેઠળની એનડીએ સરકારે આધારને લોખંડી દીવાલો સાથેનું કાનૂની છત્ર આપ્યું છે. ગુપ્તતા અને ડૅટા સુરક્ષાની ખાતરી સાથેનું આ છત્ર છે, એમ જેટલીએ જણાવ્યું હતું.

નાણાકીય સર્વસમાવેશકતા અંગે બોલતા જેટલીએ જણાવ્યું હતું કે, જન ધન યોજના હેઠળ ૩૦ કરોડ પરિવારે બૅન્ક ખાતા ખોલાવ્યાં છે. (પીટીઆઇ)■

# ડેરા સચ્ચા સૌદાના આઈટી વિભાગના વડાની ધરપકડ કરાઇ

*ચંડીગઢ:* વિવાદાસ્પદ ડેરા સચ્ચા સૌદાના વડા મથકે સત્તાવાળાઓએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું એ અગાઉ જ ધર્મસ્થાનકના કમ્પ્યુટર સાથે ચેડાં કરવા બદલ પોલીસે ત્યાંના આઈટી વડાની ધરપકડ કરી છે. ડેરા સચ્ચા સૌદાના વડા ગુરમિત રામ રહીમ સિંહને બળાત્કારના બે કેસ બદલ ૨૦ વર્ષની જેલની સજા કરવામાં આવી છે.

આરોપીએ આપેલી માહિતીને આધારે ડેરા સચ્ચા સૌદાના આઈટી વડા વિનીતકુમારની પોલીસે ધરપકડ કરી છે અને તેની પાસેથી ૬૦ જેટલી હાર્ડ ડિસ્ક કબજે કરવામાં આવી છે.

તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે સિરસામાંના મુખ્ય મથકે સર્ચ ઓપરેશન હાથ ધરાયું એ અગાઉ જ ડેરાના સત્તાવાળાઓએ અનેક હાર્ડ ડિસ્ક બદલી નાખી હતી.

પંજાબ અને હરિયાણાની અદાલત દ્વારા નિયુક્ત થયેલા કમિશનરની દેખરેખમાં સિરસા વડા મથકમાં સર્ચ ઓપરેશન શરૂ થયું તે અગાઉ જ ડેરાના અનેક કમ્પ્યુટર સાથે ચેડાં કરવામાં આવ્યા હતાં અને તેની હાર્ડ ડિસ્ક કાઢી નાખવામાં આવી હતી કે તેમાં ફેરફાર કરવામાં આવ્યા હતા.

કુમારને મંગળવારે જ સિરસાના પોલીસ મથકે બોલાવવામાં આવ્યો હતો, પણ તેણે ડેરાના કમ્પ્યુટર સેલ અંગેના જવાબ ઉડાઉ આપ્યા હતા. (પીટીઆઈ)■

# એ નિષ્ફળ નેતા શું બોલે છે તે ભારતમાં કોઈ નથી સાંભળતુંઃ અમિત શાહ

*નવી દિલ્હી:* ભારતીય જનતા પક્ષ (ભાજપ)ના પ્રમુખ અમિત શાહે તાજેતરમાં અહીં કરેલા એક વિધાનમાં જોકે એ વ્યક્તિનું નામ લીધું નહોતું, પરંતુ એમ સૂચવ્યું હતું કે કૉન્ગ્રેસના ઉપ પ્રમુખ ‘નિષ્ફળ નેતા’ રાહુલ ગાંધીએ જે કહેવું પડે છે એ સાંભળનાર ભારતમાં કોઈ જ નથી. શાહે વધુમાં જણાવ્યું હતું કે આ નિષ્ફળ નેતાઓએ ભાષણ કરવા અમેરિકા ભણી દોટ મૂકી છે એમ કહ્યું ત્યારે એ સ્પષ્ટ થઈ ગયું હતું કે તેઓ રાહુલ ગાંધીનો જ ઉલ્લેખ કરી રહ્યા હતા. આ નેતાઓ એટલા માટે અમેરિકા ગયા છે કારણ કે ભારતમાં તેમને સાંભળનાર કોઈ નથી. અમેરિકામાં બર્કલી ખાતે કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં રાહુલ ગાંધીએ ભાષણ આપ્યું એ દિવસે ભાજપના પ્રમુખે ઉક્ત ટિપ્પણી કરી હતી. રાહુલ ગાંધીએ તેમના ભાષણમાં ભારતમાં હિંસા અને રોષના વાતાવરણ તથા ધ્રુવીકરણના નામે ચાલતા રાજકારણના મુદ્દે કેન્દ્રની ટીકા કરી હતી. કૉન્ગ્રેસના ઉપ પ્રમુખે એમ પણ જણાવ્યું હતું કે ગયા વર્ષના નવેમ્બરમાં મોદી સરકારે ઊંચા મૂલ્યની ચલણી નોટો રદ કરવાના ભરેલા પગલાથી આપણા દેશને બે ટકા જીડીપીનું નુકસાન ભોગવવું પડ્યું છે. ■

# વૈશ્વિક માનવ મૂડી સૂચકાંકઃ ભારત ૧૦૩મું, નોર્વે ટોચ પર

*ન્યૂ યોર્ક:* વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (ડબલ્યુ.ઈ.એફ.) દ્વારા બહાર પાડવામાં આવેલાં વૈશ્વિક માનવ મૂડી સૂચકાંકમાં ભારતનો ક્રમ ૧૦૩મો છે, જે બ્રિક્સ અર્થતંત્રમાંના સહયોગીઓમાં પણ સૌથી નિમ્ન સ્તરે છે.

રોજગારમાં લિંગ ભેદની વાત આવે ત્યારે પણ ભારત વિશ્વના સાવ તળિયે દેખાય છે, પણ ભવિષ્ય માટેના કૌશલ્યના વિકાસની વાત આવે છે ત્યારે ૧૩૦ દેશોમાં ભારતને ૬૫મો ક્રમાંક આપવામાં આવે છે. કોઈ પણ દેશની હ્યુમન કેપિટલ રેન્ક નક્કી કરવા માટે જિનિવા સ્થિત વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (ડબલ્યુઈએફ) લોકોના જ્ઞાન અને કૌશલ્યને કારણે તેમને વૈશ્વિક આર્થિક પદ્ધતિમાં મળનારા સ્થાન અને યોગ્યતાને ધ્યાનમાં લે છે.

આ યાદીમાં ગયે વર્ષે ભારતનો ૧૦૫મો નંબર હતો, જ્યારે ફિનલેન્ડ ટોચ પર હતું. આ વર્ષે ફિનલેન્ડને બીજે નંબરે હટાવીને નોર્વેએ ટોચનો ક્રમાંક મેળવ્યો છે. (પીટીઆઈ)■

# સ્વચ્છ ભારત મિશનને સફળ બનાવોઃ મોદીએ પ્રધાનોને કહ્યું

*નવી દિલ્હી:* વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના પ્રધાન મંડળના સભ્યોને ‘ક્લિન ઈન્ડિયા મિશન’ ‘ભારત સ્વચ્છ બનાવવા’ માટે બુધવારે અનુરોધ કર્યો હતો અને ‘સ્વચ્છતા હી સેવા’ નામે ૧૫મી સપ્ટેમ્બરથી દેશભરમાં શરૂ થનારા પખવાડિયાને ભવ્ય સફળતા સાંપડે એ માટેની ખાતરી કરવા પણ હિમાયત કરી હતી. ‘ક્લિન ઈન્ડિયા મિશન’ની ત્રીજી વાર્ષિક તિથિ નિમિત્તે દેશમાં ૧૫મી સપ્ટેમ્બરથી બીજી ઑક્ટોબર સુધી સ્વચ્છતાનું પખવાડિયું મનાવવામાં આવી રહ્યું છે એ પ્રસંગને સ્વચ્છતાને દરેક જણનું કાર્ય બનાવવાનું અભિયાન ચલાવવામાં આવશે.

આ પખવાડિયાના એક ભાગ રૂપે ક્રિકેટ, હોકી, ફૂટબોલ, બેડ્મિન્ટન જેવી વિવિધ રમતોની રાષ્ટ્રીય ટીમોને એક સ્લમ (ઝૂંપડપટ્ટી)ને સ્વચ્છ બનાવવા માટે દત્તક લેવાનો અનુરોધ કરવાની એક દરખાસ્ત છે. એવું પણ સૂચન કરાયું છે કે જાહેર અને સહેલાણી મથકો, માર્કેટો, પ્રતિમાઓ, હૉસ્પિટલો અને બસ સ્ટેશનોની સફાઈ હાથ ધરવા વ્યાપક ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આ કાર્યક્રમમાં જાહેર જનતાને સામેલ કરવા પ્રધાનોને પણ અનુરોધ કરવામાં આવશે. (પીટીઆઈ)■

# ઈશાનમાંના ચક્મા અને હાજોન્ગ શરણાર્થીઓને નાગરિકત્વ અપાશે

*નવી દિલ્હી:* કેન્દ્ર સરકાર ઇશાન ભારતમાં વસતા ચક્મા અને હાજોન્ગ શરણાર્થીઓને નાગરિકત્વ પ્રદાન કરશે પરંતુ મૂળ વ્યક્તિઓના હકોનું જતન કરાશે અને તેમનું સ્થાન ગૌણ નહીં રહે કે દરજ્જો નીચે બિલકુલ નહીં થાય, એમ કેન્દ્ર સરકારના પ્રધાન કીરણ રિજિજૂએ એક મીટિંગમાં જણાવ્યું હતું.

કેન્દ્ર સરકારના ગૃહ પ્રધાન રાજનાથ સિંહે ચક્મા-હાજોન્ગ નિરાશ્રીતો મુદ્દે યોજેલી એક ઉચ્ચ સ્તરીય મીટિંગમાં રિજિજૂ, અરુણાચલ પ્રદેશના મુખ્ય પ્રધાન પેમા ખાંડૂ તેમ જ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોવલ પણ હાજર રહ્યા હતા. આશરે એક કલાકની મીટિંગ બાદ રિજિજૂએ કહ્યું કે ચક્મા-હાજોન્ગ ખાનાબદોશને નાગરિકત્વ આપવાના ૨૦૧૫ના સુપ્રીમ કોર્ટના આદેશને અમલમાં મૂકવા મધ્યમમાર્ગ અપનાવવામાં આવશે. નિરાશ્રિતો માટેના ચુકાદાનું માન જળવાય તેમ જ સ્થાનિક જનસંખ્યાના અધિકારો ઘટી ન જાય તે માટે કોઈ વચલો રસ્તો અપનાવવામાં આવશે.

તેમણે કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટના આદેશનું સન્માન જળવાવું જ જોઈએ. વર્ષ ૧૯૬૪થી આંધ્ર પ્રદેશમાં ચક્મા ઠરીઠામ થયા છે. જોકે આ ભૌગોલિક વિસ્તારના મૂળભૂત રહીશોના હકો તથા અનુસૂચિત જનજાતિ (એસટી)ના દરજ્જામાં બિલકુલ ઘટાડો નહીં જ થાય. અત્રે ઉલ્લેખનીય છે કે મ્યાનમારથી હીજરત કરીને ભારતમાં આવેલા રોહીંગ્યા નામક વાંશિક સમુદાયના ખાનાબદોશને પાછા તેમના દેશમાં ધકેલી નાખવાની માગણી જોરશોરથી થઈ રહી છે. અરુણાચલ પ્રદેશના રિજિ એ કહ્યું કે રોહીન્ગ્યા અનધિકૃત સ્થળાંતરકારીઓ છે. રિજિજૂએ આ પરિસ્થિતિ માટે દોષનો ટોપલો કોંગ્રેસ પર ઢોળ્યો હતો.

અરુણાચલ પ્રદેશમાં કેટલાય સંગઠનો અને નાગરિક મંડળો ચક્મા અને હાજોન્ગ નિરાશ્રિતોના નાગરિકત્વનો વિરોધ કર્યો છે.

કોંગ્રેસે સ્થાનિક લોકોને ભારે અન્યાય કર્યો છે. સુપ્રીમ કોર્ટના ફેંસલાનું માન રાખવા અમે મધ્યમ માર્ગ શોધીશું, એમ રીજીજૂએ જણાવ્યું હતું.

આ અંગે એક અધિકારીએ કહ્યું હતું કે અરુણાચલ પ્રદેશમાં અનુસૂચિત જનજાતિઓ (એસટી)નો જે દરજ્જો સ્થાનિક લોકો ભોગવે છે તે દરજ્જો અને જમીન માલિકી સહિતના કેટલાક હકો તેમને બિલકુલ દેવામાં નહીં આવે. જોકે અરુણાચલ પ્રદેશમાં પ્રવાસ કરવા અને કામગીરી બજાવવા બિનસ્થાનિકોને જે મંજૂરી આપવામાં આવે છે તે ‘ઇનર લાઇન પરમિટ્સ’ કદાચ તેમને દેવાશે. (પીટીઆઈ)■

# આરબ દેશો માટે પણ હવે રેતી અમૂલ્ય બની ગઇ છે

### ▶ અખાતના રાષ્ટ્રો રેતી શું કામ બહારથી ખરીદી રહ્યા છે?

*નવી દિલ્હી:* કદાચ કોઇએ સ્વપ્ને પણ નહીં વિચાર્યું હોય કે રેતીના થરના થર ઘટી શકે છે અને ભૂમિનો કસ ઓછો થાય છે પણ આ હકીકત છે. બહુરત્ના વસુંધરાએ આપેલી નૈસર્ગિક બક્ષિસો પૈકી એક રેતી નદી, દરિયા અને પૃથ્વીના પટ પરથી ખૂબ ખૂબ ઘટી રહી છે. વિશ્વભરમાં વધતા જતા ઇમારતોના બાંધકામ અને વધતી જનસંખ્યાને લીધે અંધાધૂંધ ખાણકામ થતાં પર્યાવરણ સામે હાનિ ઊભી થઈ છે. રેણુના વપરાશ અને અનધિકૃત ખનન સંબંધિત કેટલીક જાણકારી આ રહી...





### આપણે રણમાંથી રેતી કેમ ન લઈ શકીએ?

૧. બાંધકામ માટે વપરાશમાં લેવાતી રેતી બહુધા તટ પરથી, કાંઠેથી તેમ જ મહાસાગરમાંથી લેવામાં આવે છે.
૨. આની કરતાં તો રણપ્રદેશમાંથી જ રેતી લાવીએ તો? તેનું કારણ એ કે રણની રેતી બાંધકામ માટે ઢીલી, નરમ તેમ જ અયોગ્ય હોય છે.

### રેતી શા માટે મહત્ત્વની?:- જળ બાદ બીજે ક્રમાંકે છે રેતી....

૧. ઇંટ, કાચ, કોંક્રીટ વગેરે ઈમારત ઘટકો ઈમારત ચણવામાં ખૂબ મહત્ત્વના છે. રેતીનો ઉપયોગ કરીને જ મકાન બાંધવાની આ ચીજવસ્તુઓ મળી શકે છે.
૨. આથી પાણી બાદ બીજા ક્રમાંકની નૈસર્ગિક મહત્ત્વની ચીજ રેતી છે.
૩. વર્ષ ૨૦૧૪ના યુએનઇપીના અહેવાલમાં જણાવ્યું હતું કે પ્રતિ વર્ષ વૈશ્વિક ઉપયોગની ચીજવસ્તુઓના વજનમાં રેતીનું વજન લગભગ ૮૫ ટકાનું હોય છે.
૪. પ્રતિ વર્ષ ૪૦ અબજ ટન રેતી તથા જાડી રેતી, કાંકરી અને નાના પથરાનો વપરાશ થાય છે. રેતી સંબંધિત વ્યાપાર ૭૦ અબજ ડોલરનો ઉદ્યોગ છે.

### બોલો, આરબોને પણ ખરીદવી પડે છે રેતી..

૧. દુબઇ જેવા દુબઇને પણ ઓસ્ટ્રેલિયાથી રેતીની આયાત કરવી પડે છે કારણ કે તેણે દરિયાઇ રેત સંપદાનો અનહદ વપરાશ કરી નાખ્યો છે.
૨. જગવિખ્યાત બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન (બીબીસી)એ કહ્યું હતું કે યુનાઈટેડ આરબ અમિરાત (યુએઇ)એ ૨૦૧૪માં ૪૫.૬૦ કરોડ મૂલ્યની રેતી, પથરા, જાડી રેતી તેમ જ કાંકરીની આયાત કરી હતી.

### હવે રેત ઉત્ખનન બની છે વૈશ્વિક સમસ્યા

અનહદ અને નિરંકુશપણે રેણુનું ઉત્ખનન કરવાથી પોયાન્ગ સરોવર નામક ચીનનું સર્વાધિક મોટું તળાવ સુકાઇ રહ્યું છે.

જ્યારે કેન્યા ખાતેના ગરીબ જનતા ધરાવતા ગ્રામીણ પરગણામાં નદીના તટ પરથી રેતી ઉલેચવાનો ધંધો ફૂલ્યોફાલ્યો હોવાથી તેમ જ જનસમુદાયોને પૂરતી માત્રામાં પાણી મળતું નથી.

મોરક્કો તથા કેરિબીયન વિસ્તારમાં નદીકાંઠે કે દરિયાકાંઠેથી રેતીના થરના થર ઘટી રહ્યા છે. બેફામપણે રેતી ઉલેચવાને લીધે પ્રતિકૂળ વાતાવરણમાં તેઓ આસાનીથી ખરાબ પરિસ્થિતિમાં ગૂંચવાય જાય છે.

### નિરંકુશપણે રેતીની ખાણનું કામ છે ભયજનક...

નદીનાં તળિયે રેતી સુચારુઢબે નૈસર્ગિક જાજમ તથા ‘એક્વીફાયર’ની કામગીરી દીપાવી વાતાવરણનું સંતુલન જાળવી રાખે છે.

આ સ્તરની છીનવી લેવામાં આવે કે હાનિ થાય તો ધોવાણ થાય છે, જમીનનો કસ ઘટે છે, નદીના પટ પર માઠી અસર થાય છે, પાણીની સપાટી ઘટી જાય છે તેમ જ કુદરતી ચક્ર ખોરવાઈ જતાં વાતાવરણને ક્રમશઃ હાનિ થાય છે.

આ ઉપરાંત ભૂગર્ભના જ પર માઠી અસર પડે છે. પાણીની તંગી થાય છે. ખેતીવાડીના કાર્યોને હાનિ થઈ શકે છે. આ ઉપરાંત દરિયાઈ વસાહત અને એકમેક પર અવલબંતા નાના મોટા જીવો સંબંધિત સમસ્યાઓ નડે છે.

### ભારતમાં કયાં ભયસ્થાનો?

નિરંકુશપણે રેતી ઉલેચવાના ભારત પર પણ દુષ્પ્રભાવ નિહાળી શકાય છે. દક્ષિણ ભારતના કેરળમાં પંપા સરોવરના, મણીમાલા તેમ જ અચાનકોવીલ વિસ્તારમાં ખૂબ માઠી અસરો નિહાળી શકાય છે. ભૂમીનો કસ ઘટી ગયો છે તેમ જ ભૂગર્ભ જળની સપાટીમાં તીવ્ર ઘટાડો જોઈ શકાય છે.

જ્યારે ઉત્તર પ્રદેશના ઉત્તર વિસ્તારમાં છોટી ગંડક, ઘાઘરા, રાપ્તી જેવા નદીના પટ પર રેતી સંબંધિત કામગીરીને લીધે જમીનનું ધોવાણ થયું છે. હજારો એકરની જમીન બિનફળદ્રુપ બની ગઈ છે. સમુદ્રકાંઠાના વિસ્તારમાં કે નદીના પટ આગળ રેતી ઉલેચવાને લીધે નાના-મોટા, રંગબેરંગી માછલાંની વસાહતોનો ખાતમો થાય છે, પરવાળા પર હાનિ અસર થાય છે તેમ જ ભારતમાં જ જોવા મળતી ઘરિયાલ નામક મગરની પ્રજાતિ સાવ પાંખી થઈને લુપ્ત થવાને આરે આવી ગઈ છે. રેતી માફિયાઓની વિકટ સમસ્યા પણ છે.

રેતીના ખાણકામ અંગે ખાસ નિયમો હોવા છતાં પણ માગમાં જબરદસ્ત વધારાને લીધે વાર્ષિક ૧૦૦૦ કરોડ રૂપિયા કરતાં વધારે મૂલ્યની ગેરકાયદે રેત ખાણકામ થાય છે, એમ સીએસઇ દ્વારા જણાવવામાં આવ્યું હતું. ■